


# પ્રકરણ ૮

# રિયા પહોંચી મામાને ઘેર

૨૯ મે



૧૦:૨૫

ટ્રેનની લાંબી યાત્રા પછી અમે વાપી પહોંચ્યાં. મામાનું ઘર સ્ટેશનથી નજીક હોવાથી મામા અમને લેવા આવ્યા હતા. મામાની સાથે શ્રીલ અને આર્નવ પણ આવ્યા હતા. તે મારા મામાના છોકરાઓ હતા. મને તથા હિમાક્ષને જોઈને તેઓ ખૂબ જ રાજી થયા. અમે એકબીજાંને ભેટી પડ્યાં.

અમે સ્ટેશનથી બે રિક્ષા કરીને મામાના ઘરે પહોંચ્યાં. મને ખૂબ જ ઊંઘ આવતી હતી. હું ઊંઘી ગઈ. થોડીવાર પછી મમ્મીએ મને ઉઠાડી દીધી. મમ્મી-પપ્પા નાહીને તૈયાર થઈ ગયાં હતાં. હું અને હિમાક્ષ પણ નાહીને તૈયાર થઈ ગયાં. પછી અમે બધાએ સાથે બેસીને ભોજન કર્યું. મામાએ કહ્યું કે બધાં થોડીવાર આરામ કરી લો પછી આપણે દમણ ફરવા જઈશું.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



અમે દમણ જવા તૈયાર થયાં. મામાનું કુટુંબ પણ અમારી સાથે આવવાનું હતું. અમે રિક્ષામાં બેસીને બસ સ્ટેશન પહોંચ્યાં. ત્યાંથી અમે બસમાં બેસીને દમણના જંપોર બીચ (beach) પહોંચ્યાં.

બીચ પર ખૂબ જ ભીડ હતી. લોકો દરિયાકિનારે (sea-shore-સી-શૉર) મોજ માણવા આવ્યા હતા. કેટલાક લોકો હોડીમાં બેસીને દરિયામાં ફરતા હતા. કોઈ ઘોડા પર તો કોઈ ઊંટ પર બેસીને ફરતા હતા. નાનાં-નાનાં બાળકો દરિયાકિનારે રેતીના ઘર બનાવતાં હતાં. મને તો આ બધું જોઈને ખૂબ જ મજા આવી. હું, હિમાક્ષ, શ્રીલ અને આર્નવ પણ રેતીમાં ઘર બનાવવા બેસી ગયાં. અમને રેતીમાં રમવાની ખૂબ જ મજા આવી.





એટલામાં મામા હોડીની ટિકિટ લઈને આવ્યા. અમે હોડીમાં બેસીને દરિયાની મુસાફરી કરી. પહેલાં તો મને હોડીમાં બેસતાં બીક લાગતી હતી. હું મમ્મીની પાસે બેસી ગઈ. દરિયાની મુસાફરી કરવાની ખૂબ મજા આવી. પછી અમે ઘોડેસવારી અને ઊંટસવારી પણ કરી. ત્યારપછી અમે કિનારે બેસીને નાસ્તો કર્યો.

Z1E1B8



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



હવે સાંજ પડવા આવી. સૂરજ દરિયાના પાણીમાં ડૂબતો હોય તેવું દેખાતું હતું. આકાશ રંગબેરંગી દેખાતું હતું. અમે દરિયાકિનારે ફોટા અને વીડિયો પણ લીધા.

અંધારું થઈ ગયું. અમે મામાના ઘરે પાછા આવ્યાં.

મારી આ લાંબી મુસાફરી રસપ્રદ અને યાદગાર બની રહી.

- મામાના ઘરે જવા રિયાના કુટુંબને કેમ બે રિક્ષા કરવી પડી હશે ? વિચારો અને લખો.

- તમે ક્યારેય દરિયાકિનારે ફરવા ગયા છો ? કઈ કઈ જગ્યાએ ?

- દરિયાકિનારે રિયાએ શેના પર સવારી કરી ?

- રિયાની ટ્રેનને ગાંધીધામથી વાપી પહોંચતાં કેટલા કલાક થયા ?

**શિક્ષક માટે :** વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે દરિયાકિનારે, નદીકિનારે (riverbank -રિવરબૅન્ક), મેળામાં કે અન્ય કોઈ જોવાલાયક સ્થળો વિશે ચર્ચા કરો. ત્યાં કઈ કઈ જગ્યાએ ટિકિટ લેવી પડે, આ જગ્યાઓ પર શી કાળજી રાખવી, શું ખાવું, શું ના ખાવું જેવી સમજ આપવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




- કયા કયા વાહનોમાં મુસાફરી કરવા માટે ટિકિટ ખરીદવી પડે, તેમનાં નામ આપો.

- ઘણીવાર આપણે કોઈ જગ્યાએ પ્રવેશ કરવા ટિકિટ લેવાની જરૂર પડે છે. તમે આવી જગ્યાઓ વિશે વિચારીને લખો.

**અહીં આપેલ ટ્રેનની ટિકિટના ચિત્રને જુઓ. નીચેની માહિતી ટિકિટમાંથી શોધો અને લખો :**

- ટ્રેન નંબર ______
- મુસાફરી ચાલુ થવાની તારીખ ______
- ડબા અને બેઠક નંબર ______
- ભાડું (ટિકિટના પૈસા) ______
- અંતર (કિમીમાં) ______
- કેટલી વ્યક્તિઓએ મુસાફરી કરી ? ______
- આ ટિકિટ કેટલા પુરુષ અને સ્ત્રીઓ માટે છે ? ______



| पी.एन.आर.नं. PNR NO. | गाड़ी नं. TRAIN NO. | तिथि DATE | कि.मी. K.M. | वयस्क ADULT | बच्चे CHILD | 68250918 |
|---|---|---|---|---|---|---|
| 820-6449755 | 9037 | 24-12-2018 | 643 | 2 | 1 | /68250918 |

श्रेणी/CLASS JOURNEY CUM RESERVATION TICKET तक / से आरक्षित RESV. UPTO PRS-NDLS

2वाता बांदरा टर्मिनस रतलाम जं.
2A BANDRA TERMINUS RATLAM JN

DELHI PRS

| कोच COACH | सीट/बर्थ SEAT/BERTH | | लिंग SEX | आयु AGE | यात्रा अधिकार पत्र T.AUTHORITY | रियायत CONC. | आ.शु. R. FEE | स. शु. S. CH. | सु. अ. SF.CH. | वाऊचर रु. VOUCH.Rs. | कु. नकद रु. T.CASH Rs. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| A1 | 21 | LB | M | 39 | | | 75 | | | | 2578 |
| A1 | 23 | SL | F | 37 | | | | | | | |
| A1 | 22 | UB | M | 7 | | | | | | | |

Rs.TWO FIVE SEVEN EIGHT ONLY

I-TICKET/ NO CASH REFUNDS

07/05

(NEW TIME TABLE FROM 01-12-2018) AVADH EXPRESS BOARDING BDTS 24-12-2018
713 27-10-2018 14:36 RCT1 210 VIA BRC



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- બીજી કઈ માહિતી તમે ટિકિટમાંથી શોધી શકો છો તે લખો.
  - ______________________
  - ______________________
  - ______________________



રેલવેનું સમયપત્રક દરેક ટ્રેનના માર્ગ વિશે વિગત આપે છે. આ ઉપરાંત સ્ટેશનોના નામ, ટ્રેન કયા સમયે પહોંચશે અને કયા સમયે સ્ટેશન છોડશે, કાપેલું અંતર વગેરેની વિગત આપે છે. આપણે રેલવેસ્ટેશનથી રેલવે સમયપત્રક ખરીદી શકીએ છીએ.

રિયાએ મુસાફરી કરેલી ટ્રેનના માર્ગની વિગતો સમયપત્રકમાં આપેલ છે. તેને ધ્યાનપૂર્વક જુઓ અને નીચેના પ્રશ્નોના જવાબ આપો.

**19132 કચ્છ એક્સપ્રેસ**

| ક્રમ (No.) | સ્ટેશનનું નામ (Name of station) | પહોંચવાનો સમય (Arrival) (Time) | ઊપડવાનો સમય (Departure) (Time) | રોકાણ મિનિટ (Halt) (min.) | અંતર કિલોમીટર (Distance) (km) | દિવસ (Day) |
|---|---|---|---|---|---|---|
| ૧. | ભૂજ | ૦૦ | ૧૯ : ૫૦ | ૦ | ૦૦ | ૧ |
| ૨. | અંજાર | ૨૦ : ૨૪ | ૨૦ : ૨૬ | ૨ | ૪૨ | ૧ |
| ૩. | આદિપુર જં. | ૨૦ : ૩૬ | ૨૦ : ૩૮ | ૨ | ૪૯ | ૧ |
| ૪. | ગાંધીધામ જં. | ૨૦ : ૫૫ | ૨૧ : ૧૫ | ૨૦ | ૫૮ | ૧ |
| ૫. | ભચાઉ | ૨૧ : ૪૬ | ૨૧ : ૪૮ | ૨ | ૯૮ | ૧ |
| ૬. | સામખિયાળી જં. | ૨૨ : ૧૩ | ૨૨ : ૧૫ | ૨ | ૧૧૧ | ૧ |
| ૭. | માળિયા મિયાણા | ૨૨ : ૫૦ | ૨૨ : ૫૨ | ૨ | ૧૫૨ | ૧ |
| ૮. | હળવદ | ૨૩ : ૨૯ | ૨૩ : ૩૧ | ૨ | ૧૯૭ | ૧ |
| ૯. | ધ્રાંગધ્રા જં. | ૦૦ : ૦૨ | ૦૦ : ૦૪ | ૨ | ૨૨૮ | ૨ |
| ૧૦. | વિરમગામ જં. | ૦૧ : ૧૩ | ૦૧ : ૧૫ | ૨ | ૨૯૪ | ૨ |
| ૧૧. | અમદાવાદ જં. | ૦૨ : ૩૫ | ૦૩ : ૦૦ | ૨૫ | ૩૫૯ | ૨ |
| ૧૨. | નડિયાદ જં. | ૦૩ : ૪૫ | ૦૩ : ૪૭ | ૨ | ૪૦૫ | ૨ |
| ૧૩. | આણંદ જં. | ૦૪ : ૦૮ | ૦૪ : ૧૦ | ૨ | ૪૨૩ | ૨ |
| ૧૪. | વડોદરા જં. | ૦૪ : ૫૫ | ૦૫ : ૦૦ | ૫ | ૪૫૯ | ૨ |
| ૧૫. | ભરૂચ જં. | ૦૫ : ૫૧ | ૦૫ : ૫૩ | ૨ | ૫૨૯ | ૨ |
| ૧૬. | અંકલેશ્વર જં. | ૦૬ : ૦૨ | ૦૬ : ૦૪ | ૨ | ૫૩૮ | ૨ |
| ૧૭. | સુરત | ૦૭ : ૦૦ | ૦૭ : ૦૫ | ૫ | ૫૮૮ | ૨ |
| ૧૮. | નવસારી | ૦૭ : ૨૬ | ૦૭ : ૨૮ | ૨ | ૬૧૭ | ૨ |
| ૧૯. | વલસાડ | ૦૮ : ૦૧ | ૦૮ : ૦૩ | ૨ | ૬૫૬ | ૨ |
| ૨૦. | વાપી | ૦૮ : ૨૫ | ૦૮ : ૨૭ | ૨ | ૬૮૦ | ૨ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- નીચેનાં સ્થળોએ ટ્રેનના પહોંચવાનો સમય લખો.

  ગાંધીધામ : ____________

  અમદાવાદ : ____________

  સુરત : ____________

- કોષ્ટકમાં આપેલાં એવાં સ્ટેશનનાં નામ ઉપર ગોળ કરો જે રિયાની ડાયરીમાં લખેલ છે.

- ટ્રેન કયા સ્ટેશનથી ઊપડી હતી ? કેટલા કલાકે ?

  ____________________________________________

- ટ્રેને ભૂજથી ગાંધીધામ પહોંચતાં સુધી કેટલા કિલોમીટર અંતર કાપ્યું ?

  ____________________________________________

- મુસાફરીના કયા દિવસે ટ્રેન વાપી પહોંચી ?

  ____________________________________________

- ફિયોના ટ્રેનમાંથી ઊતરી ત્યારબાદ રિયાને વાપી પહોંચતાં કેટલો સમય લાગ્યો ?

  ____________________________________________

- ફિયોના અને રિયાએ કેટલા કિમીની મુસાફરી સાથે કરી ?

  ____________________________________________

- રિયાએ ટ્રેન દ્વારા કેટલા કિમી મુસાફરી કરી ?

  ____________________________________________

- તમને ડાયરી લખવી ગમશે ?

  ____________________________________________

એક નોટબુક લો. તમે અઠવાડિયાના દરેક દિવસે શું શું કર્યું તેના વિશે લખો. તમારા વિચારો અને લાગણીઓ પણ લખો. તમારી ડાયરીની વાતોની મિત્રો સાથે આપ-લે કરી વાંચો.

**શિક્ષક માટે :** રેલવેનું સમયપત્રક વર્ગમાં લાવવું. બાળકોને સમયપત્રક કેવી રીતે વંચાય તેનું માર્ગદર્શન આપો. તમે સમયપત્રકને ભૂગોળ અને ગણિતની પ્રવૃત્તિઓ કરાવવા એક સાધન તરીકે ઉપયોગ કરી શકો છો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in